એપ્રિલ ૨૦૧૧
કિંમત રૂ. ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# ચોરી

## અક્રમ એક્સપ્રેસ

બાળમિત્રો,

તમે તમારા ગમતા બૂટ ખરીદવા જઈ રહ્યા હો અને એ માટે ભેગા કરેલા પૈસા રસ્તામાં ચોરાઈ જાય તો તમને કેવું થાય ? ખુશી થાય કે દુઃખ થાય ? દુઃખ થાયને ? એ જ રીતે આપણે જ્યારે કોઈનું કંઈ ચોરી લઈએ તો સામાને પણ એવું જ દુઃખ થાય. નિયમ કેવો છે કે ચોરી કરેલી વસ્તુ આપણને સુખ આપવાના બદલે અંતે તો દુઃખ આપીને જ જાય અને આવતો ભવ બગાડે એ વધારાનું.

ચોરી કેમ થઈ જતી હશે ? એના પરિણામ શું આવે ? એ ગુનાને કેવી રીતે ધોવાય? વગેરેની ઝીણી સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીના જ્ઞાન થકી આ અંકમાં આપને જાણવા મળશે.

તો ચાલો, આપણે પણ આ સમજણને સમજીએ અને આપણાથી કોઈ આવી ભૂલ થઈ ગઈ હોય તો એને ધોઈ નાખી છૂટી જઈએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


૧ દાદાજી કહે છે......
૨ પુણ્ય પરવારે ત્યારે...
૫ ચાલો રમીએ...
૬ સ્ટેમ્પચોર
૧૦ આ તો નવી જ વાત!
૧૨ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૪ બાળકો સાથે પૂજ્યશ્રી
૧૫ મીઠી યાદેં
૧૬ ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા
૧૭ મારી સમજણ
૧૮ ૧૯ મી માર્ચ-સીમંધર સીટીમાં



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૮
સળંગ અંક : ૩૨
**એપ્રિલ ૨૦૧૧**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org




**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad - 14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદા જ કહે છે.

દાદાશ્રી : આપણને ચોરી ના શોભે. આપણે સારા ઘરના થઈને ચોરી કરીએ એના કરતાં તો ચોર સારા.



પ્રશ્નકર્તા : ચોરી કરવાનું કેમ થતું હશે?

દાદાશ્રી : પાછલા જન્મમાં આપણે એવું નક્કી કર્યું હોય કે, 'આપણે તો બસ ચોરી કરીને જ ચલાવવું છે.' તેમાં પાછું પુણ્ય સાથ આપે એટલે અત્યારે ચોરી કરવાના સંજોગ મળી આવે. અને ચોરી કરેય ખરા. પણ આ તો ભાન જ નથી કે, હું આ ગુનો કરું છું, તેનું ફળ શું આવશે! બેભાનપણામાં, ભાન વગર જ ગુના કરે છે. કોઈ તારા ગજવામાંથી ચોરી કરે તો તને સુખ લાગે ? તે વખતે તને મહીં કેવું દુઃખ થાય ? એમ સામાનેય દુઃખ ના થાય ? એક વખત આમ ઠસી જવું જોઈએ કે આ ખોટું છે. સ્થૂળ ચોરી બંધ થાય ત્યારે તો ઊંચી નાતમાં જન્મ થાય.



પ્રશ્નકર્તા : આપનું સાંભળીને મને બધું યાદ આવતું જાય છે કે મેં ઘણું ચોરી કરીને ભેગું કર્યું છે.

દાદાશ્રી : યાદ આવે તો પ્રતિક્રમણ કરજે અને દાદા ભગવાન પાસે ચોરી ન કરવાની શક્તિ માંગ. પ્રતિક્રમણ કરીએ એટલે એક તો અભિપ્રાય બદલાઈ જાય કે, ચોરી કરવી એ ખોટી છે અને ચોરી ન કરવી એ સારી છે. માટે ચોરી ન કરવી એ અભિપ્રાય ઉપર આવીએ. અભિપ્રાય બદલાયો એટલે ત્યાંથી ગુનેગાર થતા અટક્યા અને શક્તિઓ માંગીએ એટલે પરમ વિનય ઉત્પન્ન થાય કે હે ભગવાન! મને શક્તિ આપો. એટલે ભગવાન તરત શક્તિ આપે. છૂટકો જ નહીં.

# પુણ્ય પરવારે ત્યારે...

ભુષણ એક નાના ગામમાં રહેતો ખેડૂત પુત્ર હતો. સખત મજૂરી કરવી એને ગમતી નહીં. માટે એ એના પિતાને ક્યારેય ખેતીમાં મદદ કરતો નહીં. એણે પૈસા કમાવવાનો સહેલો અને ઝડપી રસ્તો શોધી કાઢ્યો. એણે મિત્રો પાસેથી ચોરી કરવાની કળા શીખી લીધી અને ધીમે ધીમે એમાં કુશળ બનતો ગયો. એના મમ્મી એને ઘણી વાર આ ધંધો છોડી દેવા કહેતા પણ એ માનતો નહીં.

એક રાત્રે ભુષણની ગેંગ એક પૈસાદાર વેપારીની દુકાનમાં ચોરી કરવા ગઈ. દુકાનની અંદર સૂતા વેપારીના પુત્રએ ભુષણને પકડી લીધો, જ્યારે એના બીજા મિત્રો છૂટી ગયા. ઘણી ઝપાઝપી થઈ ને આખરે ભુષણ પણ ભાગી ગયો પણ એને વાગ્યું.


મલમપટ્ટી કરતા એના મમ્મીએ એને ચેતવતા ફરી કહ્યું, ‘‘તુ તારી બહાદુરી કે હોશિયારીના કારણે છૂટી ગયો છે એવું નહીં માનતો પણ તારા પુણ્યથી ભાગી શક્યો છે. જ્યારે તારું પુણ્ય ખલાસ થઈ જશે ત્યારે તને કોઈ નહીં બચાવી શકે. તું ક્યાંય ભાગી નહીં શકે. ત્યારે તારે ઘણું જ ભોગવવું પડશે. મને અત્યારે પણ શેરસિંહની વાર્તા યાદ છે. જે પોતાને બહુ હોશિયાર ચોર માનતો હતો. પણ જ્યારે એનું પુણ્ય પરવાર્યુ ત્યારે એને બહુ જ

> **“એક રાત્રે ભુષણની ગેંગ એક પૈસાદાર વેપારીની દુકાનમાં ચોરી કરવા ગઈ અને...”**



મુશ્કેલી આવી. બેટા, કોઈની ખુશીઓને લૂંટીને આપણે ક્યારે ખુશ ન રહી શકીએ.

ભુષણને જાણવાની ઈચ્છા થઈ, ''કોણ શેરસિંહ ? એને કેમ ભોગવવું પડ્યું ?'' મમ્મીએ શેરસિંહ વિશે જણાવતા કહ્યું, ''ઘણા વર્ષો પહેલા શેરસિંહ નામનો એક હોશિયાર ચોર હતો. ચોરી કરીને એ એક પણ નિશાની છોડતો નહીં. ઘણી ભાષાઓ બોલવા ઉપરાંત એ જાતજાતના પહેરવેશ બદલતો. જેથી એને ઓળખવો મુશ્કેલ થઈ પડતું. એ દોડવામાં પણ પાવરધો હતો અને જરૂર પડે દિવાલ પરથી પણ કૂદતો. લૂંટેલો ખજાનો કોઈને ખબર ના પડે, કોઈ વિચારી ના શકે અને કોઈ પહોંચી ના શકે એવી જગ્યાએ સંતાડતો. ધોળે દિવસે, લોકોની અવરજવર વચ્ચે સફળતાથી ચોરી કરીને એ આબાદ નીકળી જતો. ખાલી ચોરી કરવામાં નહીં પણ એ જૂઠું બોલવામાં અને છેતરપીંડીમાં પણ હોશિયાર હતો. એ વેપારીઓ, દલાલો અને પોલીસ અમલદારોને પણ કબજામાં રાખતો. એના લીધે લોકો ભયભીત રહેતા. લોકો કાયમ એ ભયમાં રહેતા કે એમની ગેરહાજરીમાં શેરસિંહ એમનું ઘર લૂંટી ન લે. ગામની પોલીસને શરમ આવતી કે તેઓ શેરસિંહને પકડવામાં નિષ્ફળ હતા.





પણ કહેવાય છે ને કે જીવનમાં બધું પુણ્ય-પાપના ખેલ છે. પુણ્ય સાથ આપે ત્યાં સુધી અઘરામાં અઘરી કસોટીમાંથી પણ પાર ઊતરી જવાય પણ પુણ્ય પરવારે ત્યારે નાની અમથી બેદરકારી પણ સપડાવી દે. એવી જ રીતે એક વાર બપોરે શેરસિંહે એક શેઠનું ઘર તોડ્યું. શેઠ ત્યારે ગામ બહાર ગયા હતા. શેરસિંહ માટે તો એ કામ ડાબા હાથના ખેલ જેવું સહેલું હતું. ચોરી કરીને એ ભાગવા જતો હોય છે ત્યાં તો એને જોરથી ઠોકર વાગી અને એ પડી ગયો. એનો પગ જોરથી મચકોડાઈ ગયો. બગલમાં ભરાવેલો એનો થેલો ઊછળીને દૂર જઈને પડ્યો. ચોરેલી બધી વસ્તુઓ રસ્તામાં વેરવિખેર થઈ ગઈ. એણે ધારણ કરેલા નકલી પહેરવેશમાંથી એના દાઢી-મૂછ નીકળી ગયા. આ જોઈ લોકો તરત એને ઓળખી ગયા અને ઘેરી વળ્યા. જોરદાર વાગવાથી એને ઊઠતાં થોડી વાર લાગી. જોગાનુજોગ પોલીસ પણ ત્યાં જ આંટા મારતી હતી. બધાએ મળીને એને પકડી લીધો.

એને સખત જેલની સજા થઈ. જેલમાંથી પણ ભાગવા એણે ઘણા પ્રયત્નો કર્યા પણ બધા નિષ્ફળ ગયા. એની બધી હોશિયારી નકામી પૂરવાર થતી હતી. આમ ૨૦ વર્ષ એણે જેલમાં ગાળ્યા. ૨૦ વર્ષ પછી જ્યારે છૂટ્યો ત્યારે એ ઘણો નબળો થઈ ગયો હતો. ગામમાં કોઈએ એને સ્વીકાર્યો નહીં. એ જ્યાં જતો ત્યાં એનો ભૂતકાળ એની પહેલા પહોંચી જતો. બધા એને તરછોડતા. લોકો કૂતરાને સૂવાની જગ્યામાં પણ એને સૂવા દેતા નહીં અને કૂતરાને આપવાનું બચેલું ખાવાનું પણ આપતા નહીં. આમ એના જીવનના છેલ્લા દિવસો બહુ ખરાબ રીતે ગયેલા.''

નિસાસો નાખતા ભૂષણની મમ્મીએ વાત પૂરી કરી. અત્યાર સુધી ભૂષણ એની મમ્મીનું સાંભળતો નહીં પણ શેરસિંહની વાત સાંભળી અને પોતાનો ભાગવાનો અનુભવ અને આ પરથી એનું ભયાનક ભવિષ્ય દેખાવા લાગ્યું. એણે અનુભવ્યું કે એણે પસંદ કરેલો પૈસા કમાવવાનો સહેલો રસ્તો એ ખરેખર સારો નથી જ. એને એ પણ સમજાઈ ગયું કે બીજાની ખુશી લૂંટીને પોતે ક્યારેય ખુશ નહીં રહી શકે. એ દિવસથી એણે ચોરી કરવાની છોડી દીધી.

## ચા લો ર મી એ...

### ૧

નીચે આપેલ મોટા ચિત્રમાં બાજુમાં આપેલ વસ્તુઓ શોધી કાઢો.






### ૨

આપેલ ચોરસમાંથી જમણી બાજુ આપેલા શબ્દો શોધો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખ | ર | ફ | ળ | ઢુ | કા | બ | ડ | ની | ણ | ચો |
| રી | રે | ભા | સ્થૂ | ઈ | મે | લા | છે | ણ | છુ | રી |
| દા | ટ્રિ | પ | ચં | એ | ફૃ | અ | ફો | મ | કો | મ |
| સિં | ખ | ક | પા | તો | ભિ | ઈ | પા | ક | વા | અ |
| ણ | નિ | તુ | ના | પ્રા | ગી | નિ | તા | તિ | જુ | હા |
| જ | ઘા | ક | ય | વ્ય | ષ | છા | વુ | પ્ર | વ | ત્યાં |
| ગુ | ને | ગા | ર | રી | કા | લો | શ | રી | શુ | ઘી |
| ન | બ | ર્તા | તો | મ | નિ | સે | ક્તિ | તો | ટ | મે |
| ટ | ક્કી | જો | જ્ઞા | લા | સ | બં | રૂ | જી | જ | તા |
| હે | મ | ણ | ત | ય | હી | ના | ક્ષ્મી | છી | રં | શ |
| છે | વિ | જ્ઞ | વિ | ધા | ર | લ | ખ | પુ | સ | કે |

૧ ટ્રિક
૨ અભિપ્રાય
૩ શક્તિ
૪ પ્રતિક્રમણ
૫ ગુનેગાર
૬ લક્ષ્મીજી
૭ ફળ
૮ સ્થૂળ
૯ ચોટી
૧૦ નક્કી

# સ્ટેમ્પચોર

સાન્યા, ધારાએ બતાવેલા સ્ટેમ્પ કલેકશન પરથી તેની આંખો હટાવી શકતી જ નહતી.




રીસેસ પડી. સ્ટેમ્પસ સાન્યાના મગજમાંથી જતી જ ન હતી.




એ પાણી પીને ફ્રેન્ડસ પાસે જવાની બદલે કલાસમાં ગઈ. ક્લાસ ખાલી હતો.




એ ધારાની બેન્ચ પાસે ગઈ. એની સ્ટેમ્પ બુકમાંથી સ્ટેમ્પના બે પાના ફાડી લીધા અને એની બેન્ચ પર જઈ પોતાની બેગમાં સરકાવી દીધા.
કોઈને ખબરેય નહીં પડે કે હું અહીં આવી હતી અને ધારા પાસે તો ઘણી સ્ટેમ્પસ છે. બે પાના ઓછા થયાની એનેય ખબર નહીં પડે.
ત્યાં જ એને કોઈના પગનો અવાજ સંભળાયો અને બંધ થઈ ગયો.
કોઈએ મને જોઈ લીધી કે શું ?
એને પરસેવો વળી ગયો. એ પાછી એના મિત્રો જ્યાં નાસ્તો કરતા હતા ત્યાં પહોંચી.
રિસેસ પૂરી થતાં બધા ક્લાસમાં પાછા ફર્યા. સાન્યાએ ધારા તરફ ત્રાંસી નજર કરી જોયું.
મારી સ્ટેમ્પસ ક્યાં ગઈ? અહીંયા જ તો મૂકી હતી. કોઈએ જોઈ?
મેડમ, મારી સ્ટેમ્પસ ખોવાઈ ગઈ છે. મારી બેન્ચ પર જ મૂકી હતી.
સાન્યાને હવે બહુ ડર લાગવા લાગ્યો.
સાંભળો બધા, ધારાની સ્ટેમ્પસ ચોરાઈ ગઈ છે. કોઈને ખ્યાલ છે ?
કોઈએ જવાબ ના આપ્યો.
જેણે લીધી હોય એ સામેથી આપી દે નહીં તો હું તમારા બધાની બેગ ચેક કરીશ.
ઓહ નો !
સાન્યાએ સ્ટેમ્પસના પાના સિફતથી બેગમાંથી કાઢી પોતાના ખીસામાં સરકાવી દીધા.



મેડમે વારાફરતી દરેકની બેગ તપાસી. સાન્યાનો વારો આવ્યો. એની બેગ તપસતાં...
મેડમ, મને સ્ટેમ્પ વિશે કંઈ જ ખબર નથી.
મેડમને મારા પર શંકા હોય એવું લાગે છે. જે પગનો અવાજ મેં સાંભળ્યો હતો તે મેડમનો તો નહીં હોયને !
તે રાતે સાન્યાને ઊંઘ ના આવી.
કોઈને ખબર પડી જશે તો? મને સ્કૂલમાંથી કાઢી મૂકશે તો ? મને બધાની વચ્ચે સજા કરશે તો ?
રાતે એને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એણે જોયું કે સ્કુલમાં ઘણી બધી ચોરીઓ થાય છે અને તે બધી ચોરીનો સાન્યા પર આક્ષેપ આવે છે.
સ્ટેમ્પ ચોર, સ્ટેમ્પ ચોર, સાન્યા ચોર છે... ચોર છે..


મારે મેડમને સાચી વાત કહી દેવી છે.
બીજા દિવસે સાન્યાએ મેડમને રડતા રડતા સ્ટેમ્પસ પાછી આપતા બધી હકીકત જણાવી.
સાન્યા, આપણને ચોરી કરવી શોભે નહીં. આપણે તો ખાનદાન કુટુંબના કહેવાઈએ.
જ્યારથી મેં સ્ટેમ્પસ ચોરી છે ત્યારથી મને ભાર લાગતો હતો અને ખૂંચ્યા કરતું હતું કે મેં મોટો ગુનો કર્યો છે. પ્લીઝ, મને માફ કરી દો. ફરીથી હું આવું કદી નહીં કરું.
તું નિશ્ચિંત રહેજે. સ્ટેમ્પસ ક્યાંથી મળી એ વાત મારા તરફથી ક્યારેય બહાર નહીં પડે.
સાન્યાને ઘણું હલકું લાગ્યું. સાચું કહી દીધા પછી તે હળવી થઈ ગઈ. એ દિવસથી એ ચોરી કરવાનું જાણે ભૂલી જ ગઈ!

# આ તો ન

લક્ષ્મી (ધન) શાથી ખૂટે છે ? આ ચોરીઓથી. જ્યાં મન-વચન-કાયાથી ચોરી નહીં થાય ત્યાં લક્ષ્મીદેવીની કૃપા ઉતરે. ચોરીથી લક્ષ્મી (ધન) આવતા અટકે છે.

**કાયાથી**

ખીસ્સામાંથી પૈસા ચોરી રહ્યો છે.

**વાણીથી**

જો હું તારી જગ્યાએ હોત અને રસ્તામાં સોનાની ઘડિયાળ પડેલી જોઈ હોત તો હું તે લઈ જ લેત.



**મનથી**


કોઈ જોતું નથી, હું આ રમકડું લઈ લઉં.



સૂક્ષ્મ ચોરી એટલે ટ્રિકો કરે એ. ટ્રિકો કરી કોને કહેવાય ? 'બહુ ચોખ્ખો માલ છે' કહીને વેપારી ભેળસેળવાળો માલ ઘરાકને આપે એને.

# વી જ વાત!

ચોરી બંધ કર્યા પછી પણ લોકો ચોર કહે તો સહન કરી લેવું. પહેલાં ચોરી કરી હતી અને પકડાયા ન હતા એનો દંડ છે એ. દા.ત. અમીતે છેલ્લા પાંચ વર્ષથી ચોરી કરવાનું છોડી દીધું છે છતાં એ જ્યારે બહાર જાય ત્યારે આડોશ-પાડોશના છોકરાઓ એને 'ચોર' કહીને બોલાવે છે.



ચોરી કરવાથી તો બે પગમાંથી ચાર પગમાં જવું પડે.



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

વિશ્વભૂતિ નામે એક બ્રાહ્મણ રાજપુરોહિત હતા. એમને કમઠ અને મરૂભૂતિ નામે બે પુત્રો હતા. બન્ને પુત્રો પરણેલા હતા. મરૂભૂતિ શાંત અને ધાર્મિક સ્વભાવના હતા. સંસારમાં ક્યાંય એમનું મન નહોતું લાગતું, જ્યારે એમની પત્ની સંસારસુખ ભોગવવાની લાલસાવાળી હતી. તેથી એ હંમેશા મનોમન દુઃખી અને અસંતુષ્ટ રહેતી. મરૂભૂતિનો મોટો ભાઈ કમઠ દુષ્ટ સ્વભાવનો અને દુરાચારી હતો. એણે મરૂભૂતિની પત્નીને વશ કરી એની સાથે આડા સંબંધ ચાલુ કર્યા. આ વાતની જાણ કમઠની પત્નીને થઈ. એણે મરૂભૂતિને વાત કરી.

મરૂભૂતિને આ વાત પર વિશ્વાસ ન આવ્યો. એણે એક યોજના ઘડી. એણે એની પત્નીને પોતાને કોઈ કામ અંગે થોડા દીવસ માટે બહારગામ જવું પડે એવું છે એમ કહી બહાર ગયા. મરૂભૂતિની પત્ની તો લાગ જ જોતી હતી. મરૂભૂતિની ગેરહાજરીમાં એણે કમઠને ઘરે બોલાવ્યો. મરૂભૂતિએ છૂપાઈને કમઠ અને પોતાની પત્નીને દુરાચાર કરતા જોયા. આ જોઈને એમને ખૂબ દુઃખ થયું. એમણે રાજાને આ વાતની ફરિયાદ કરી. રાજાએ કમઠને કદરૂપો બનાવી, ગધેડા પર બેસાડી, આખા ગામમાં ફેરવીને હદપાર કર્યો. આવા અપમાનથી કમઠે મરુભૂતિ સાથે વેર બાંધ્યું. એ દુઃખનો માર્યો કોઈ તાપસનો શિષ્ય બની ગયો.

આ બાજુ મરૂભૂતિને મનમાં દુઃખ રહ્યા કરતું હતું કે પોતાના કારણે કમઠને આટલું બધું દુઃખ વેઠવું પડ્યું. એણે એની માફી માંગી લેવાનું નક્કી કર્યું. આ હેતુથી તેઓ એક દિવસ  કમઠ પાસે ગયો. માફી માગવા એણે માથું નમાવ્યું ત્યારે કમઠે ગુસ્સામાં આવી એક મોટી શિલા ઉપાડીને મરૂભૂતિના માથા



> કમઠે મરૂભૂતિ માટે એટલું ભયંકર વેર બાંધી દીધું હતુ કે આવું દસ ભવ ચાલ્યું


પર નાખી. મરૂભૂતિ ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યા.

મરૂભૂતિ અશુભ ભાવ સાથે મૃત્યુ પામી હાથીરૂપે જન્મયો અને કમઠનો જીવ તાપસપણામાં રહીને ક્રોધમાં ને ક્રોધમાં મૃત્યુ પામી સાપરૂપે જન્મયો. એ ભવમાં પણ સાપરૂપે કમઠના જીવે, મરૂભૂતિનો જીવ જે હાથીરૂપે હતો એને કરડ્યો. હાથી શુભધ્યાનમાં હોવાથી દેવલોકમાં ગયો અને સાપ અનેક અશુભ કર્મ બાંધી નર્કે ગયો. કમઠે મરૂભૂતિ માટે એટલું ભયંકર વેર બાંધી દીધું હતુ કે આવું દસ ભવ ચાલ્યું. દરેક ભવમાં મરૂભૂતિ અને કમઠ કોઈ ને કોઈ રૂપમાં ભેગા થતા. કમઠ વેરને લઈને મરૂભૂતિને મારી નાખે. મરૂભૂતિ સમતામાં રહીને ઉચ્ચગતિમાં જાય,જ્યારે કમઠ વેરભાવને લઈને નર્કગતિમાં જાય.

છેલ્લા ભવમાં મરૂભૂતિનો જીવ વારાણસી નગરીમાં અશ્વસેન રાજા અને વામાદેવી રાણીને ત્યાં પુત્રરૂપે જન્મ્યા. ત્યાં એમનું નામ પાર્શ્વકુમાર પાડ્યું. પાર્શ્વકુમાર જ્યારે યુવાન વયે પહોંચ્યા ત્યારે એમના લગ્ન પ્રભાવતી કુંવરી સાથે થયા.

એક દિવસ તેઓ પોતાના મહેલના ગોખમાં બેઠા હતા. એમણે રાજ્યના લોકોને નગરના દરવાજા તરફ ઉલ્લાસથી જતાં જોયા. કારણ પૂછતા જાણવા મળ્યું કે શહેર બહાર કમઠ નામે તાપસ આવેલ છે તેને વંદન કરવા બધાં ત્યાં જાય છે. આ સાંભળી પાર્શ્વકુમાર હાથી પર બેસી તાપસને જોવા ગયા.

વધુ જૂન મહિનાના અંકમાં





# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : મને ભણવામાં મન ન લાગતું હોય તો મારે શું કરવું જોઈએ ?

પૂજ્યશ્રી : તને શેમાં મન લાગે છે ?

પ્રશ્નકર્તા : રમવામાં.

પૂજ્યશ્રીઃ રમવામાં ? પછી રમવાથી શું ફાયદો થાય ?

પ્રશ્નકર્તા : બસ, મજા આવે.

પૂજ્યશ્રી : મજા આવે અને ભણવામાં ઓછું ભણીએ તો શું પાસ થાય કે નાપાસ થાય માણસ ?

પ્રશ્નકર્તા : છેલ્લી પરીક્ષામાં પાસ થાઉં, પણ આમ...

પૂજ્યશ્રી : એથીયે ઓછું ભણે, તો કદાચ નાપાસ થઈ જાઉંને ?

પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : તો નાપાસ થવામાં મજા આવે કે પાસ થવામાં મજા આવે ?

પ્રશ્નકર્તા : પાસ થવામાં મજા આવે.

પૂજ્યશ્રી : તો તારે મજા માટે કરવું હોય તો ભણને. રમવાની મજા કેટલી આવે ? એય... પાછાં હાડકા દુઃખે અને રાત્રે થાકીને ઊંઘી જવું પડે અને ભણીશું તો આખી કેરીયર બનશે. ભવિષ્યમાં આપણે સારી પોસ્ટ ઉપર જઈ શકીશું, નહીં તો પછી મજૂરી કરવી પડે, નોકરીના ઠેકાણા ન પડે, એ સારું કહેવાય ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : તો આપણે ભવિષ્યનો વિચાર કરી ભણવાની વાત છે. આ આખું જીવન શાંતિથી જાય એના જેવી મજા જ નહીંને ? જો મજા માટે તારે રમવું હોય, તો મજા માટે જ ભણવાનું છે. આખી જીંદગી કેટલી મોટી મજા પડશે! આખી જીંદગી સારા પૈસા હોય, સારું ઘર હોય, સારી આપણી કારકિર્દી હોય તો મજા જ આવે ને ? અત્યારે જો ભણીશ નહીં, નાપાસ થઈશ તો તને પછી ભવિષ્યમાં સારી નોકરીને બધું મળે ?

પ્રશ્નકર્તા : ના મળે.

પૂજ્યશ્રી : તો પછી ભણવાની જરૂર ખરી કે નહીં ?

પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : હવે તું મન લગાડીને ભણીશને ?

પ્રશ્નકર્તા : હા.

# મીઠી યાદેં

નીરુમા દર વર્ષે અમેરિકાથી આવે ત્યારે બધા બ્રહ્મચારી ભાઈઓ-બહેનો માટે ચોકલેટ - કેડબરી અચૂક લાવે.

નીરુમા અમદાવાદ 'દાદા દર્શન' બિલ્ડિંગમાં રહેતા હતા ત્યારની વાત છે. 'દાદા દર્શન' બિલ્ડિંગમાં બીજા માળે બ્રહ્મચારી બહેનો રહે, ત્રીજા માળે નીરુમા રહે અને ચોથા માળે બ્રહ્મચારી ભાઈઓ રહે. બીજા માળનું ફ્રીઝ શાકભાજી ને ફ્રૂટસથી ભરેલું હોવાથી નીરુમા અમેરિકાથી જે ચોકલેટ - કેડબરી લાવ્યા હતા એ ચોથા માળ (ભાઈઓ)ના ફ્રીઝમાં મૂકેલું હતું. ઘણા દિવસથી એ પેકેટ એમ ને એમ હતું. એટલે ભાઈઓને એમ કે એમના માટે જ લાવ્યા છે. એમ વિચારી બે-ત્રણ ભાઈઓએ તો ઉજાણી કરી નાખી. બધી ચોકલેટ - કેડબરી ખાઈ ગયા.

નીરુમાને જ્યારે ખબર પડી ત્યારે એમણે એ ભાઈઓને બોલાવ્યા અને આટલું જ બોલ્યા કે, ''તમને બ્રહ્મચારી બહેનો યાદ ના આવ્યા?''

નીરુમાના આટલા જ શબ્દો, પણ ભાઈઓના હૃદય સોંસરવા ઊતરી ગયા. ભલે પોતે એકલા એ નહોતી ખાધી. બધાને વહેંચી હતી પણ નીરુમાના શબ્દો કે, ''બ્રહ્મચારી બહેનો યાદ ના આવ્યા ?'' એ એક જ વાક્યે ભાઈઓની દૃષ્ટિને વિશાળ કરી દીધી. ત્યાર પછી કાયમ ગમે તે આવે તો એ ભાઈઓને પહેલા જ એવું થાય કે, સૌથી પહેલું બહેનોને મોકલાવો.

આ પ્રસંગ પછી ફક્ત ખાવા પૂરતું જ નહીં પણ ગમે તે બાબતમાં, સેવા હોય કે સત્સંગ હોય, બધામાં ભાઈઓને આ સમજણ મદદરૂપ થઈ પડી.

જોયું મિત્રો, જ્ઞાનીઓને કેવું હંમેશા બીજાનો અને બધાનો વિચાર આવે. નાની નાની બાબતોમાં પણ બધાનું ધ્યાન રાખે.



# ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા

મિત્રો, વેકેશન ચાલુ થઈ ગયું છેને ?
આવો, અક્રમ એક્સપ્રેસની ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધામાં જોડાઓ.



## ગ્રુપ

- ૭ થી ૯ વર્ષ
- ૧૦ થી ૧૨ વર્ષ
- ૧૩ થી ૧૫ વર્ષ

## સ્પર્ધાના નિયમો :

૧) વાર્તા પોતાની બનાવેલી હોવી જોઈએ.
૨)આ વખતની ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા તમારી કલ્પનાશક્તિ પારખશે. નીચે આપેલા બે વાક્યોમાંથી કોઈ પણ એક વાક્ય તમારી વાર્તામાં ક્યાંક વચ્ચે આવવું જોઈએ. એ વાક્ય વાર્તામાં પહેલું કે છેલ્લું ના હોવું જોઈએ.
૩) વાર્તા ૨૫ લાઈનથી વધારે ન હોવી જોઈએ.

### ૭ થી ૯ વર્ષ

૧) આંખ ખોલી તો હું પરીઓના દેશમાં હતી...
૨) બિમાર હાથીની બધા પ્રાણીઓ ખબર કાઢવા આવવા લાગ્યા...

### ૧૦ થી ૧૨ વર્ષ

૧) ત્યાર પછી પેટુ દેડકાએ જરૂર કરતા વધારે ખાવાની ટેવ છોડી દીધી....
૨) .... અને હસી હસીને મારું પેટ દુઃખી ગયું.

### ૧૩ થી ૧૫ વર્ષ


૧) પંડીતે એક દિવસ પોતાની કુંડળી જોઈ.
૨) રાજાને ચિંતામાં જોઈને રાણીએ એક યુક્તિ ઘડી...

દરેક ગ્રુપમાંથી પ્રથમ બે વિજેતાઓ પસંદ કરવામાં આવશે. ઈનામ વિજેતાના ઘરે પહોંચતું કરવામાં આવશે. વાર્તા અમને મે મહિનાની ૧૫ તારીખ સુધીમાં મળી જવી જોઈએ. ઈનામ મળેલી વાર્તાઓ જૂન મહિનાના અક્રમ એક્સપ્રેસમાં પ્રકાશિત કરવામાં આવશે. તમારી વાર્તાઓ તમારા પૂરા નામ, સરનામા, ઉંમર અને ફોટા સાથે નીચેના સરનામે અથવા ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપશો.


**અક્રમ એક્સપ્રેસ - ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા**
બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ,
જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧, e-mail:akramexpress@dadabhagwan.org

## પઝલના જવાબો


૧



૨



# શ્રી સીમંધર સ્વામી જન્મકલ્યાણક
## ૨૭ એપ્રિલ ૨૦૧૧



મિત્રો,

તમને ખબર છે ? અત્યારે ગુજરાતી મહિના પ્રમાણે 'ચૈત્ર' મહિનો ચાલે છે. ચૈત્ર વદ દસમ એટલે આપણા વ્હાલા તીર્થંકર શ્રી સીમંધર સ્વામી ભગવાનનો જન્મદિવસ. તો ચાલો, આપણે સ્વામીને બર્થ ડે વીશ કરી પ્રાર્થના કરીએ.

*Happy Birthday Simandhar Swami !!*

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાનશ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

"હે સીમંધર સ્વામી, અમારો આવતો ભવ આપના ચરણમાં અને શરણમાં જ હોજો. અમને આપના જેવા બનાવજો અને અમને મોક્ષે લઈ જજો."

# મારી સમજણ



દાદાજી કહે છે મનથી, વાણીથી કે વર્તનથી ચોરી ન કરાય. તો મનથી, વાણીથી અને વર્તનથી ચોરીના એક-એક ઉદાહરણ આપો.

# મારો અનુભવ

Dear (Akram Express) Editor

Jay Sachitanand,

I like reading Akram Express. By the last issue of March "'Bye Bye' to the habit of lying" I'm greatly influenced. I've found that I have spoke many lies and I'm trying to stop telling lies.

By the way, I have a suggestion for you. You may know that all of us have many difficulties. Problems and habits to deal with, so if there was a column in the book in which we can write our difficulties and have the right guidance by you it would be great! So we can find the right ways to deal with our problems.

I really like all stories, puzzles and Questions-Answers with Pujyashree. Akram Express is amazing! Keep up the good work!!!

Yours Sincerely, Parita H. Patell
Age: - 11, Anand

Akram Express
April 2011
Year : 3, Issue : 8
Conti. Issue No.: 32

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# ૧૯ મી માર્ચ–સીમંધર સીટીમાં






૧૯મી માર્ચ એટલે આપણા વ્હાલા નીરુમાએ સ્થૂળદેહનો ત્યાગ કરી મહાવિદેહ ક્ષેત્રે પ્રયાણ કર્યું એ દિવસ. આ વખતે આ દિવસે સીમંધર સીટીમાં એક ભવ્ય પ્રભાતફેરી યોજાઈ હતી. જેનું આયોજન બ્રહ્મચારી બહેનોએ કર્યું હતું.







જેમ આપણા માટે અક્રમ એક્સપ્રેસ મેગેઝીન છે, એમ આપણાથી મોટા ભાઈ-બહેનો માટે **'Ynet'** નામનું મેગેઝીન શરૂ કરવામાં આવ્યું છે. ૧૯મી માર્ચે આ મેગેઝીનનું ઓપનીંગ કરવામાં આવ્યું હતું. બાજુના ફોટામાં પૂજ્યશ્રી એનું ઓપનીંગ કરી રહ્યા છે. તમે તમારા મોટા ભાઈ બહેનો માટે આ મેગેઝિન જરૂરથી બંધાવજો. મેગેઝિન તમારા સેન્ટરમાં ચાલતા **YMHT** પરથી જ મેળવવાનું રહેશે.

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.